**''જયોતિ ગ્રામ યોજના''**

ગુજરાત સરકાર,
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ બજટ-૧૦-૨૦૦૦૩-૯૭૬-ક.૧,
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ ૨૪-૧૧-૨૦૦૩

**વંચાણે લીધા** :-(૧) તા. ૩-૯-૨૦૦૩ નો ઠરાવ ક્રમાંક : બજટ-૧૦-૨૦૦૩-૯૭૬-ક૧.
(૨) તા. ૬-૧૧-૨૦૦૩ નો ઠરાવ ક્રમાંકઃ બજટ-૧૦-૨૦૦૩-૯૭૬-ક૧.

રાજયના ગ્રામ્ય વિસ્તારોમાં સતત ૨૪ કલાક વીજપુરવઠો પૂરો પાડવા માટે તારીખ ૩-૯-૨૦૦૩ ના ઠરાવથી જયોતિગ્રામ યોજનાને વહીવટી મંજુરી આપવામાં આવેલ છે. અને તેમાં પ્રથમ તબકકે ૩૦૦૦ કરતા વધારે વસતિવાળા ૪૦૦ ગામોને ૨૪ કલાક થ્રીફેઇઝ વીજળી આપવાનું નકકી કરવામાં આવેલ હતું. પરંતુ તેના કારણે ૩૦૦૦ થી ઓછી વસતિ ધરાવતા ગામો તથા સબસ્ટેશનની નજીકના વિસ્તારના ગામો તરફથી પણ આ યોજનામાં જોડાવા માટેની માંગણીઓ આવતા આ અંગે પુર્નવિચારણા કરવાનું જરૂરી બનેલ છે.

આથી જયોતિગ્રામ યોજનાના સરળ અમલીકરણ માટે, તારીખ ૩-૯-૨૦૦૩ ના ઠરાવની જોગવાઇઓમાં પુનઃવિચારણા બાદ ફકરા (૨) તથા (૩) રદ કરીને અનુક્રમે આ ઠરાવના ફકરા (૧) અને (૨) મુજબ સુધારો કરવાનો તથા ફકરા (૪) માં આંશિક સુધારો કરીને આ ઠરાવના ફકરા (૩) માં જણાવ્યા મુજબ ઠરાવવામાં આવેલ છે.

**ઠરાવ :**

(૧) જયોતિગ્રામ યોજના હેઠળ ગ્રામ્ય વિસ્તારોના ફીડરો ઉપરના ગામોને સતત વીજપુરવઠો આપવાની કામગીરી ૩૦૦૦ ની વસતિના ગામના બદલે સબસ્ટેશનવાર કરવાની રહેશે. તથા તેમાં ફીડર દીઠ પણ આયોજન થઇ શકશે.

(૨) આ યોજનામાં જોડાવા માટે ઇચ્છતા ગામોએ ગામદીઠ ખર્ચ/ફીડર દીઠ ખર્ચના ૩૦ % રકમ અથવા ઓછામાં ઓછા રૂા. પચ્ચીસ હજાર તે પૈકી જે વધુ હોય તે ભરપાઇ કરવાની રહેશે. વધુમાં આ અંગે થનાર કુલ અંદાજીત ખર્ચના ૩૦ ટકા રકમ જે તે ફીડરના ગામોએ ૧૯૯૧ ની વસતિના ધોરણે ભરવાની રહેશે. તેમજ ૬૬ કે.વી.સબ સ્ટેશનથી શરૂઆતના ગામોને જયોતિ ગ્રામ યોજના હેઠળ સમાવેશ થયેલ ન હોય ત્યારે વચ્ચે આવતાં ગામોને જયોતિ ગ્રામ યોજના હેઠળ સાંકળી લેવા માટે ફીડર હેઠળનો ૩૦ ટકા લોકફાળાની રકમ સરકાર કે ગુજરાત વિદ્યુત બોર્ડ ભોગવવાની રહેશે. અને વચ્ચે આવતાં ગામોને જયોતિ ગ્રામ યોજનાનો લાભ આપવાનો રહેશે અને પાછળથી શરૂઆતના ગામોની જયોતિ ગ્રામ યોજના હેઠળ સમાવેશની માંગણી થયે, ૩૦ ટકા રકમ સરકાર કે ગુજરાત વિદ્યુત બોર્ડમાં જમા કરાવવાની રહેશે અને પછી જ ચાલુ કરવામાં આવશે. અને તેથી વધારે ભરવા તૈયાર હોય તેવા ગામોને પ્રાધાન્ય આપવાનું રહેશે.

(૩) આ યોજનાના અમલીકરણ માટે રાજય સરકારના અંદાજપત્રમાંથી ૫૦ % ના બદલે ૭૦ % ગ્રાન્ટ આપવાની રહેશે. અને ૩૦ ટકા રકમ જે તે ગામોએ તા. ૩-૯-૨૦૦૩ ના ઠરાવના ફકરા -૪ માં જણાવ્યા મુજબ લોકફાળા તરીકે અન્ય સ્ત્રોતોમાંથી મેળવવાની રહેશે.

આ ઠરાવ બહાર પાડયાની તારીખથી અમલમાં આવશે આથી જે ગામોની કામગીરી પૂર્ણ ન થયેલ હોય તેવા ગામોએ ૩૦ ટકા પ્રમાણે તફાવતની રકમ ભરપાઇ કરવાની રહેશે.

આ અંગેનો ખર્ચ ચાલુ વર્ષની બજેટ જોગવાઇની મર્યાદામાં કરવાનો રહેશે.

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઇલ ઉપરની નાણા વિભાગની તારીખઃ ૨૪-૧૧-૨૦૦૩ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જી.બી.પટેલ)
ઉપસચિવ
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ,

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન. રાજય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, આયોજન, આ.બાં.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ચેરમેનશ્રી, ગુજરાત વિદ્યુત બોર્ડ, વડોદરા.
- સર્વે સભ્યશ્રીઓ, ગુજરાત વિદ્યુત બોર્ડ, વડોદરા.
- મુખ્ય ઇજનેરશ્રી (ગ્રા.વી./વી.વી./ટ્રાન્સમીશન) ગુ.વિ.બોર્ડ,વડોદરા.
- નાણા વિભાગ / ક - શાખા, સચિવાલય, ગાંધીનગર.
- વિભાગના સર્વે અધિકારીશ્રીઓ, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિભાગની સર્વે શાખાઓ.
- સીલેકટ ફાઇલ.